કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નવો પૂર્વ(સરથાણા)ઝોન

સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ, સરથાણા, સુરત – ૩૯૫૦૧૩.


ઈ.ઝેડ/ સંમતિ પત્ર/નં.૧૦૩૯૯
તા.૨૩/૦૩/૨૦૨૬

## –: સંમતિ પત્રઃ–

**પ્રતિ,**

**વિષય :–** નવો પૂર્વ ઝોન(સરથાણા) માં સમાવિષ્ટ મોટાવરાછા,ઉત્રાણ તથા નવા સમાવિષ્ટ ગામોમાં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતો માં આવેલ અન્ડરગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકીઓ વાર્ષિક ધોરણે સાફ સફાઈ કરવાનું કામ.

**સંદર્ભ :–** (૧) મે.ડે.કમિશ્નરશ્રી(ડે.), વરાછા ઝોનની તા.૧૨/૦૨/૨૦૨૬ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવે તથા શરતો ને આધિન

(૨) મે.ડે.કમિશ્નરશ્રી(ડે.) ની તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રોજની મંજુરી

**મહાશય,**

નવો પૂર્વ ઝોન(સરથાણા) માં સમાવિષ્ટ મોટાવરાછા,ઉત્રાણ તથા નવા સમાવિષ્ટ ગામોમાં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતો માં આવેલ અન્ડરગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકીઓ વાર્ષિક ધોરણે સાફ સફાઈ કરવાનું કામ સંદર્ભ(૧) મુજબ મે.ડે.કમિશ્નરશ્રી(ડે.),વરાછા ઝોનની તા.૧૨/૦૨/૨૦૨૬ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવે તથા શરતો ને આધિન રૂા.૨,૦૦,૦૦૦.૦૦ પૈ. તથા તથા પ્રર્વતમાન જી.એસ.ટી. ની અલગથી ચૂકવણા કરવાના શરતે સંદર્ભ(૨) હેઠળની મંજુરીથી મંજુર કરવામાં આવેલ છે. જે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ **તા.૨૫/૦૩/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૨,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે ફર્મનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે પૂર્ણ કરેલ કામના તથા ચાલુ કામના વર્કઓર્ડરની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.
૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૭. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રેહેશે.
૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
૧૦. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

-SD-
**કાર્યપાલક ઈજનેર**
**નવો પૂર્વ ઝોન(સરથાણા)**
**સુરત મહાનગરપાલિકા**